# Most Imp Current Affairs - 16 to 30 September 2026

## 16 સપ્ટેમ્બર

➢ UPIથી થતા પેમેન્ટમાં 15 ઓક્ટોબરથી 2000 રૂપિયાથી વધુની ચૂકવણી પર **0.4 ટકા** મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ પડશે. આ ફી લઘુતમ 5 રૂપિયાથી લઇ મહત્તમ 300 રૂપિયા સુધી રહેશે. પર્સન ટુ પર્સન યુપીઆઈ પેમેન્ટ સંપૂર્ણપણે ફ્રી રહેશે. NPCIના નિવેદન મુજબ આ નિર્ણયનો બોજ સામાન્ય ગ્રાહકો પર નહીં પડે સાથે જ મહિનામાં એક લાખ રૂપિયા સુધીનું યુપીઆઈ પેમેન્ટ મેળવતા નાના વેપારીઓ પર પણ આ ફી લાગુ થશે નહીં.

➢ 16 સપ્ટેમ્બરના રોજ વિશ્વ ઓઝોન દિવસ ઉજવવામાં આવે છે. ઓઝોન સ્તર આપણી પૃથ્વીને સૂર્યનાં હાનિકારક કિરણોથી સુરક્ષિત રાખે છે. 22 માર્ચ 1985ના રોજ **વીયેના** સંમેલનમાં ઓઝોન સ્તરને સુરક્ષિત રાખવા માટે એક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ઠરાવ અપનાવવા સાથે ઓઝોન સ્તરને ક્ષીણ કરનારા પદાર્થો પરનો **મોન્ટ્રીયલ પ્રોટોકોલ 16 સપ્ટેમ્બર 1987ના** રોજ અમલમાં આવ્યો. આથી 16 સપ્ટેમ્બરને વિશ્વ ઓઝોન દિવસ તરીકે ઉજવવાની શરૂઆત થઈ. ઓઝોન સ્તર સૂર્યને લગભગ 98% અલ્ટ્રા વાયોલેટ કિરણોને શોષી લેવા માટે સક્ષમ છે. સૂર્યનાં અલ્ટ્રા વાયોલેટ કિરણો ત્વચાના કેન્સર માટે જવાબદાર બને છે. ઓઝોન સ્તરને ક્ષીણ કરનારા પદાર્થોમાં મુખ્યત્વે ક્લોરોફ્લોરોકાર્બન, કાર્બનટેટ્રાક્લોરાઈડ, હાઈડ્રોફ્લોરોકાર્બન્સ અને મિથાઈલ ક્લોરોફોર્મનો સમાવેશ થાય છે.

➢ ભારતીય વાયુસેના (IAF) દ્વારા જેસલમેરના પોખરણ ખાતે 'IAF ડ્રોનાથોન 2026'નું આયોજન કરાયું. એર માર્શલ આશુતોષ દીક્ષિતે આ 3 દિવસીય કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. વાયુસેનાના ઉપપ્રમુખે ભવિષ્યની જરૂરિયાતો મુજબ ડ્રોન ટેકનોલોજી વિકસાવવા માટે IAF UAS રોડમેપ જાહેર કર્યો. લશ્કરી અને નાગરિક ડ્રોનને ટ્રેક કરતી સ્વદેશી ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ 'Vayu UTtaM' (Vayu Unmanned Traffic Management)નું સફળ લાઈવ પ્રદર્શન આ કાર્યક્રમ દરમિયાન કરવામાં આવ્યું હતું.

➢ સંયુક્ત રાષ્ટ્ર (UN)ના નવા વિશ્વ નકશામાં અરુણાચલ પ્રદેશ અને અક્સાઈ ચીનને ભારત અને ચીન વચ્ચેના અલગ પ્રદેશો તરીકે દર્શાવતાં ભારતે અવાજ ઉઠાવ્યો. યુએન જીઓસ્પેશિયલ યુનિટ દ્વારા બહાર પાડવામાં આવેલા આ નકશામાં 'ઈક્વલ અર્થ પ્રોજેક્શન'નો ઉપયોગ કરાયો હતો. ભારતે યુએનમાં સમાન ક્ષેત્રવાળા નકશાના સિદ્ધાંતને સમર્થન આપવા માટે ‘કરેક્ટ ધ મેપ’ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું, કોઈ ચોક્કસ સીમા રેખાંકન માટે નહીં.

➢ ઇન્સ્ટિટ્યુટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR), ગુજરાત ખાતે સ્થિત SST-1 ટોકામેક મશીન પર 82.6 GHz, 400 kW શક્તિ ધરાવતું નવું **ગાયરોટોન** સફળતાપૂર્વક ઇન્સ્ટોલ કરવામાં આવ્યું. આ આધુનિક સિસ્ટમ અતિશય ઊંચા તાપમાને પ્લાઝ્માને ગરમ કરવા અને તેને જાળવી રાખવાની ભારતની ક્ષમતામાં મોટો સુધારો કરશે. SST-1 (સ્ટેડી સ્ટેટ સુપરકન્ડક્ટિંગ ટોકામેક) એ ભારતમાં પરમાણુ ફ્યુઝન (Nuclear Fusion)ના પ્રયોગો માટેનું સંશોધન રિએક્ટર છે. આ પ્રયોગોમાં પ્લાઝ્માનું તાપમાન 200 મિલિયન° C

સુધી પહોંચાડવામાં આવ્યું છે, જે સૂર્યના કેન્દ્ર કરતાં પણ 20 ગણું વધારે છે. ગાથરોટ્રોન એ ઉચ્ચ ફ્રીક્વન્સી પર માઇક્રોવેવ ઊર્જા ઉત્પન્ન કરતું શક્તિશાળી સાધન છે. ન્યુક્લિયર ફ્યુઝનને ભવિષ્યની સ્વચ્છ ઊર્જા તરીકે જોવામાં આવે છે, કારણ કે તે ખૂબ ઓછો રેડિયોએક્ટિવ કચરો ઉત્પન્ન કરે છે. હાલમાં SST-1 એ માત્ર એક પ્રાયોગિક સંશોધન કેન્દ્ર છે, વીજળી ઉત્પાદન કરતું પાવર પ્લાન્ટ નથી.

## 17 સપ્ટેમ્બર

- દિગ્ગજ અભિનેતા **અનંત નાગને** ભારતીય સિનેમામાં તેમના અજોડ યોગદાન બદલ વર્ષ 2024ના પ્રતિષ્ઠિત 'દાદા સાહેબ ફાળકે એવોર્ડ'થી સન્માનિત કરાશે. ગુજરાતના કેવડિયા ખાતે યોજાનારા 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં તેમને આ સર્વોચ્ચ સન્માન એનાયત કરાશે. અનંત નાગે તેમની લાંબી કરિયરમાં 300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે, જેમાં 250થી વધુ કન્નડ ફિલ્મો સામેલ છે. બ્લોક બસ્ટર ફિલ્મ 'કેજીએફઃ ચેપ્ટર 1' (2018)માં સિનિયર પત્રકાર અને લેખક 'આનંદ ઇંગલાગી' તરીકેની તેમની ગંભીર અવાજવાળી નરેટરની ભૂમિકાએ દર્શકો પર ઊંડી છાપ છોડી હતી. ફિલ્મો સિવાય, દૂરદર્શનની લોકપ્રિય સિરિયલ 'માલગુડી ડેઝ'થી તેઓ ઘર-ઘરમાં જાણીતા બન્યા હતા. અનંત નાગ 5 વખત કર્ણાટક સ્ટેટ ફિલ્મ એવોર્ડ જીતી ચૂક્યા છે.

- **સંયુક્તા પરાશરને** CRPFના જંગલ યુદ્ધ ટુકડી, 'કોબ્રા'નાં નવાં IG તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં. તે આ ફોર્સને કમાન્ડ કરનાર પ્રથમ મહિલા હશે. તેમણે NIAમાં પણ સેવા આપી છે. CRPF એ 2008-09માં ઉગ્રવાદ અને નક્સલવાદનો સામનો કરવા માટે કોબ્રાનું નિર્માણ કર્યું હતું.

- ભારતીય સેના અને યુએસ સેના વચ્ચેની વાર્ષિક સંયુક્ત સૈન્ય કવાયત 'યુદ્ધ અભ્યાસ'ની 22મી આવૃત્તિ યોજાઈ. આ કવાયત રાજસ્થાનના બીકાનેર અને ઉત્તરાખંડના ઓલી (Auli) એમ બે સ્થળોએ યોજાઈ.

- વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF)ના 'ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ 2026'માં ભારત 145 દેશોમાંથી **131મા** ક્રમે છે. **આઇસલેન્ડ** પ્રથમ ક્રમે છે, ફિનલેન્ડ બીજા ક્રમે છે અને નોર્વે ત્રીજા ક્રમે છે. ભારતનો જેન્ડર ગેપ સ્કોર 64.5 ટકા નોંધાયો હતો, જે વૈશ્વિક સરેરાશ 69.2 ટકા કરતાં ઓછો છે.

- લદ્દાખના ઉપરાજ્યપાલે **ઝાંસ્કાર ખીણમાં** આવેલા **કુમિક ગામને** લદ્દાખનું પ્રથમ સત્તાવાર હેરિટેજ વિલેજ જાહેર કર્યું. 11મા લદ્દાખ ઝાંસ્કાર મહોત્સવમાં આ જાહેરાત કરાઈ. આ ગામ **પરંપરાગત ઘરો, પ્રાચીન કૃષિ પદ્ધતિ અને કાંજુર જેવી તિબેટીયન બૌદ્ધ હસ્તપ્રતોના સંરક્ષણ** માટે જાણીતું છે.

- **ન્યુઝીલેન્ડ** સંસદે s સાથે મુક્ત વેપાર કરાર (FTA) પસાર કર્યો છે. આ સોદા હેઠળ, ન્યુઝીલેન્ડ 100% ભારતીય માલને કસ્ટમ ડ્યુટી વિના તેના બજારમાં પ્રવેશવાની મંજૂરી આપશે. સાથે 5,000 ભારતીય વ્યાવસાયિકો માટે 3 વર્ષ સુધીના ખાસ વર્ક વિઝા ખોલાયા છે.



# 18 સપ્ટેમ્બર

- એનએચએઆઈ એ **'રાજમાર્ગયાત્રા'** એપ પર વનટેગ સુવિધા શરૂ કરી છે. આનાથી વર્તમાન ટેગને બદલ્યા વિના માત્ર બેંકની વિગત બદલીને નવું ફાસ્ટેગ ચલાવી શકશે. એપમાં વાહન નંબર નાખીને પાત્રતા ચકાસી શકાશે. મોબાઇલ વેરિફિકેશન બાદ બેન્ક બદલી શકાશે.

- સરકારે **EPFO**માં ફરજિયાત કવરેજ માટે માસિક પગાર મર્યાદા 15 હજારથી વધારીને **25 હજાર રૂપિયા** કરી છે. નવો નિયમ 17 સપ્ટેમ્બર 2026થી લાગુ થયો છે. તેનાથી 51 લાખથી વધુ નવા કર્મચારીઓને EPF, EPS પેન્શન અને EDLI વીમા જેવી સુરક્ષા સુવિધાઓ મળશે.

- યુરોપિયન કમિશનના અધ્યક્ષ **ઉર્સુલા વોન ડેર લેયેને** EU KIDS એક્ટનો પ્રસ્તાવ મૂક્યો છે. તેનો ઉદ્દેશ બાળકોને સોશિયલ મીડિયાની લત અને ઓનલાઇન જોખમોથી બચાવવાનો છે. પ્રસ્તાવમાં 13 વર્ષથી નાની ઉંમરનાં બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ અને 13થી 15 વર્ષનાં બાળકો માટે માતા-પિતાની દેખરેખ હેઠળ મિની એકાઉન્ટની વ્યવસ્થા હશે.

- **કૂનો નેશનલ પાર્કના** 4 વર્ષના અહેવાલ અનુસાર ભારતમાં ચિત્તાની સંખ્યા વધીને **52** થઈ ગઈ છે. તેમાં 32 ભારતમાં જન્મેલા છે. કૂનોમાં 49 અને ગાંધી સાગર અભયારણ્યમાં 3 ચિત્તા છે. પ્રોજેક્ટ ચિતા 17 સપ્ટેમ્બર 2022ના રોજ શરૂ થયો હતો. તેની હેઠળ નામીબિયા, દક્ષિણ આફ્રિકા અને બોત્સવાના જેવા દેશોમાંથી ચિત્તા લાવવામાં આવ્યા હતા.

- કેન્દ્ર સરકારે 6 વર્ષથી વધુ સમય બાદ સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશનનું પુનર્ગઠન કર્યું છે. જેમાં **18 સભ્યો** છે અને પ્રસાર ભારતીના પૂર્વ CEO **શશિ શેખર વેમ્પતિ** અધ્યક્ષ છે. અભિનેતા પંકજ ત્રિપાઠી, પ્રીતિ ઝિંટા, સુનીલ શેટ્ટી અને સંગીતકાર રિકી કેજ પણ સભ્યો તરીકે રહેશે. આ બોર્ડની રચના સિનેમેટોગ્રાફ એક્ટ 1952 અને રૂલ્સ 2024 હેઠળ થઈ છે.

- સાણંદ તાલુકાનાં 105 ગામ અને 150થી વધુ શાળાના 25 હજારથી વધુ વિદ્યાર્થીને જોડતા **‘ખેલે સાણંદ સ્પોર્ટ્સ ઉત્સવ 2026'નો** બેડમિન્ટનમાં ઓલિમ્પિક મેડલિસ્ટ સાઇના નેહવાલના હસ્તે પ્રારંભ થયો. સંસ્કારધામ ખાતે યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં ઓલિમ્પિક મેડલિસ્ટ ગગન નારંગ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉત્સવ **વિજયી ભારત ફાઉન્ડેશન** દ્વારા ‘ખેલે સાણંદ’ પહેલ હેઠળ યોજાય છે.

# 19 સપ્ટેમ્બર

- ડાયરેક્ટર **સંતોષ દાવખરની** મરાઠી સાયકોલોજિકલ થ્રિલર ફિલ્મ **'ગોંધલ'ને** 99મા એકેડેમી એવોર્ડ્સ (ઓસ્કાર 2027)માં **‘બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ'** કેટેગરી માટે ભારત તરફથી સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. ગ્રામીણ મહારાષ્ટ્રની પૃષ્ઠભૂમિ પર તૈયાએ થયેલ આ ફિલ્મમાં મહારાષ્ટ્રની લોક પરામપરા અને રહસ્યમય બાબતોનો સમાવેશ થાય છે. વાર્તા **'સુમન'** નામની વહુ, તેના ભોળા પતિ 'આનંદરાવ' અને તેના જૂના પ્રેમી 'સરજેરાવ'ની છે. લગ્ન પછી મુશ્કેલીઓ દૂર કરવા યોજાયેલા પરંપરાગત 'ગોંધલ' લોક સમારોહ દરમિયાન, જૂનો પ્રેમી સુમનને પાછી મેળવવાનો પ્રયાસ કરે છે, જેના કારણે આખો ઉત્સવ ઈચ્છા, દગા અને નિયંત્રણની એક ખતરનાક રમતમાં બદલાઈ જાય છે. આ ફિલ્મ અગાઉ પણ ખૂબ

પ્રશંસા પામી છે અને IFFI 2025માં સંતોષ દાવખરને શ્રેષ્ઠ દિગ્દર્શક માટે **સિલ્વર પીકોક એવોર્ડ** મળી ચૂક્યો છે.

- સપ્ટેમ્બર 2026 માં જાહેર થયેલા પ્રતિષ્ઠિત Global Financial Centres Index 40 (GFCI 40)માં ગાંધીનગર, ગુજરાત ખાતે આવેલ **GIFT City**એ વૈશ્વિક સ્તરે **37મું સ્થાન** પ્રાપ્ત કર્યું છે. આ રિપોર્ટ લંડન સ્થિત થિંક ટેન્ક 'ZVen Partners' અને 'China Development Institute' દ્વારા સંયુક્ત રીતે પ્રકાશિત કરવામાં આવ્યો છે. GIFT City એશિયા-પેસિફિક ક્ષેત્રના ટોચનાં 15 નાણાકીય કેન્દ્રોમાં સ્થાન મેળવનાર એકમાત્ર ભારતીય નાણાકીય સેન્ટર બન્યું છે.

- QS (Quacquarelli Symonds) ગ્લોબલ MBA રેન્કિંગ 2027માં ભારતની 19 બિઝનેસ સ્કૂલોને સ્થાન મળ્યું છે. યાદીમાં **IIM બેંગલુરુ** ભારતની સૌથી ઊંચો (64મો) રેન્ક ધરાવતી સંસ્થા રહી અને રોજગાર ક્ષમતામાં વિશ્વમાં 29મા ક્રમે રહી છે. જ્યારે IIM અમદાવાદે 70મો અને IIM કોલકાતાએ 95મો રેન્ક મેળવ્યો. 420થી વધુ સંસ્થાઓની આ યાદીમાં IIM અમદાવાદ Entrepreneurship & Alumni Outcomesમાં ટોપ 100માં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય સંસ્થા રહી. વૈશ્વિક સ્તરે MIT Sloan પ્રથમ ક્રમે, હાર્વર્ડ બિઝનેસ સ્કૂલ બીજા અને સ્ટેનફર્ડ ગ્રેજ્યુએટ સ્કૂલ ઓફ બિઝનેસ ત્રીજા ક્રમે રહી. અમેરિકાની સંસ્થાઓએ Top 4 તમામ સ્થાન મેળવ્યાં.

- ભારતમાં પ્રથમ વખત ખેડૂતોને તેમની જમીનમાં કાર્બન સંગ્રહ અને ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ઘટાડા બદલ સીધું પેમેન્ટ કરવામાં આવ્યું. આ પહેલ અંતર્ગત પંજાબ અને હરિયાણાના 2,550 નાના ખેડૂતોને ₹2.9 કરોડથી વધુની ડિજિટલ ચૂકવણી કરવામાં આવી. પ્રથમ પેમેન્ટ **પંજાબ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (PAU), લુધિયાણા** ખાતે શરૂ કરવામાં આવ્યું હતું. આ પેમેન્ટ **'આદિ ફાર્મર કાર્બન પ્રોગ્રામ'** હેઠળ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ **Grow Indigo દ્વારા 2019માં** શરૂ કરવામાં આવ્યો હતો. ખેડૂતો દ્વારા 2019થી 2022 દરમિયાન એવી ખેતી પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી જે જમીનમાં કાર્બન જાળવી રાખવામાં અને ઉત્સર્જન ઘટાડવામાં મદદ કરે છે.

- NASAના **Lunar Reconnaissance Orbiter (LRO)**એ **ચંદ્રની** સપાટી પર તાજેતરમાં બનેલ વિશાળ ક્રેટર (ખાડો) શોધ્યો છે. આ ક્રેટર રોમના પ્રખ્યાત Colosseum કરતાં પણ મોટું છે. તેનું નામ **'McGetchin Crater'** રાખવામાં આવ્યું છે. તેની પહોળાઈ આશરે 222 મીટર અને ઊંડાઈ આશરે 43 મીટર છે. વૈજ્ઞાનિકોના મતે ક્રેટર એપ્રિલ-મે, 2024માં થયેલા એસ્ટરોઇડ અથવા ધૂમકેતુના ટુકડાના ચંદ્ર સાથેના અથડામણથી બન્યો હતો. ચંદ્ર પર આટલી મોટી અથડામણ ખૂબ દુર્લભ છે અને સરેરાશ સદીમાં એક વખત કે તેનાથી પણ ઓછી વાર થાય છે. NASAના LROએ 2024 પહેલાં અને પછી લીધેલી તસવીરોની સરખામણી કરીને આ ક્રેટર શોધ્યો છે.

- જાપાનના **આઈચી-નાગોયા (Aichi-Nagoya)માં** 20મી એશિયન ગેમ્સ 2026નું આયોજન થઈ રહ્યું છે. આ રમતગમતના મહાકુંભ માટે સત્તાવાર માસ્કોટ તરીકે **'હોનોહોન'ની** પસંદગી કરવામાં આવી છે. 'હોનોહોન' નામ જાપાની શબ્દ "Honoho" (જ્વાળા/અગ્નિ) પરથી લેવામાં આવ્યું છે, જે રમતવીરોના ઉત્સાહ અને ઝનૂનનું પ્રતીક છે. તેનો દેખાવ નાગોયાના પરંપરાગત રક્ષક **'શાચીહોકો" (Shachihoko)** અને જાપાની નાટક શૈલી **'કાબુકી' q(Kabuki)** પર આધારિત છે. માસ્કોટની ડિઝાઈન આઈચી પ્રાંતના ગ્રાફિક ડિઝાઈનર **યોશિયુકી નાકાગાવા** દ્વારા કરવામાં આવી છે.

# 20 સપ્ટેમ્બર

- ભારતીય ક્રિકેટર **અભિષેક શર્માએ** અફઘાનિસ્તાન સામેની ત્રીજી T20Iમાં શાનદાર બેટિંગ કરતાં માત્ર 30 બોલમાં સદી ફટકારીને નવો ભારતીય રેકોર્ડ બનાવ્યો. આ સાથે તેણે રોહિત શર્માનો 35 બોલમાં સદીનો અગાઉનો રેકોર્ડ તોડી નાખ્યો. અભિષેકે પોતાની ઇનિંગ્સમાં કુલ 108 રન માત્ર 34 બોલમાં બનાવ્યા. રોહિત શર્માએ 2017માં શ્રીલંકા સામે 35 બોલમાં સદી ફટકારી હતી. અભિષેકની આ વિસ્ફોટક ઇનિંગ્સે તેને T20I ક્રિકેટમાં ભારત તરફથી સૌથી ઝડપી સદી ફટકારનાર બેટ્સમેન બનાવ્યો છે. તેની આ સદી T20Iમાં ટેસ્ટ રમતા દેશોના બેટ્સમેનમાં સૌથી ઝડપી સદી પણ બની છે. આ તેની T20I કારકિર્દીની ત્રીજી સદી છે.

- ભારતીય કબડ્ડી ખેલાડી **પવન સેહરાવતને** એશિયન ગેમ્સ 2026ના ઉદ્ઘાટન સમારોહ માટે ભારતના પુરુષ ફ્લેગ બેરર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. અગાઉ આ જવાબદારી બે વખતના એશિયન ગેમ્સ ગોલ્ડ મેડલિસ્ટ શોટપુટર તજિંદરપાલ સિંહ તૂરને સોંપવામાં આવી હતી. જોકે, તૂરને સત્તાવાર સેરેમોનિયલ કિટ સમયસર ન મળતાં તેઓ આ સમારોહમાં ભાગ લઈ શક્યા નહીં. પરિણામે સેહરાવતને તેમની જગ્યાએ પસંદ કરવામાં આવ્યા. સેહરાવત અગાઉની એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય પુરુષ કબડ્ડી ટીમનો ભાગ હતા. તેઓ સમારોહમાં મહિલા ફ્લેગ બેરર મનુ ભાકર સાથે ભારતનું નેતૃત્વ કરશે.

- ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે મનપાની ચૂંટણીઓમાં નાણાંકીય પારદર્શિતા લાવવા માટે મહત્વનો આદેશ કર્યો છે. નવા નિયમ મુજબ, મહાનગરપાલિકાની સામાન્ય, મધ્યસત્ર કે પેટા ચૂંટણી લડતા દરેક ઉમેદવારે પોતાના ચૂંટણી ખર્ચ માટે ફરજિયાતપણે એક અલગ બેંક ખાતું ખોલાવવાનું રહેશે. નોંધનીય છે કે, આરટીઆઇ કાર્યકર્તા સંતોષસિંહ રાઠોડની રાજ્ય ચૂંટણી આયોગને કરેલી રજૂઆતોને પગલે આ નવો નિયમ લાગુ કરાયો છે. આ નિયમ નગર પાલિકા, જિલ્લા-તાલુકા અને ગ્રામ પંચાયતોમાં પણ લાગુ પડશે. ચૂંટણી આયોગના નિર્દેશ અનુસાર, ઉમેદવારે પોતાનું ઉમેદવારીપત્ર ભરવાના ઓછામાં ઓછા એક દિવસ પહેલાં આ નવું બેંક ખાતું ખોલાવી લેવું પડશે. ઉમેદવાર પોતાના અગાઉના કે વ્યક્તિગત બચત ખાતાનો ઉપયોગ ચૂંટણી ખર્ચ માટે કરી શકશે નહીં. આ ખાતું ઉમેદવાર પોતાના નામે અથવા તો નિયુક્ત ચૂંટણી એજન્ટ સાથેના સંયુક્ત નામે ખોલાવી શકશે, પરંતુ પરિવારના અન્ય સભ્યો સાથે ખાતું ખોલી શકાશે નહીં.

- હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)એ વાયુસેનાને લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ ટુ-સીટર ટ્રેનર અને હિન્દુસ્તાન ટર્બો ટ્રેનર-40 (HTT) બેઝિક ટ્રેનર એરક્રાફ્ટ સોંપ્યાં. HTTને **'અંકુર'** નામ આપવામાં આવ્યું છે. આ 70 વિમાનોની ડીલ હેઠળ પ્રથમ ડિલિવરી છે. HALએ પવન હંસ લિમિટેડને 5.5 ટન વજનવાળું ધ્રુવ નેક્સ્ટ જનરેશન હેલિકોપ્ટર પણ સોંપ્યું.

- નીતિ આયોગે ઇન્ડિયા ઇલેક્ટ્રિક મોબિલિટી ઇન્ડેક્સ 2025નો બીજો રિપોર્ટ જાહેર કર્યો. તેમાં **દિલ્હી** 84 અંક સાથે પ્રથમ, મહારાષ્ટ્ર 78 અંક સાથે બીજા અને કર્ણાટક અંક સાથે ત્રીજા સ્થાને રહ્યું. આ ઇન્ડેક્સ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવાની પ્રગતિ દર્શાવે છે.

- ઓડિશા સરકારે **નરાજમાં** 870 એકરમાં **'ઓડિશા સિલિકોન વેલી'** બનાવવાની જાહેરાત કરી. અહીં સેમિકન્ડક્ટર, ઇલેક્ટ્રોનિક્સ અને IT પ્રોજેક્ટ લાવવામાં આવશે. આ કટક-ભુવનેશ્વર કોરિડોર પર છે અને પારાદીપ તથા ધામરા પોર્ટ સાથે જોડાયેલું છે. નજીકની મહાનદીથી પાણીની જરૂરિયાત પૂરી કરવામાં મદદ મળશે.

- ટોરોન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (ટીઆઇએફએફ) 2026 પ્રતિષ્ઠિત 'મિડનાઇટ મેડનેસ' સેક્શનમાં પ્રદર્શિત થનારી 'હાફ' પ્રથમ મલયાલમ ફિલ્મ બની છે. સ્ક્રિનિંગ દરમિયાન વૈશ્વિક દર્શકો તરફથી આ ફિલ્મને શાનદાર પ્રતિસાદ મળ્યો હતો અને ખૂબ વખાણ કર્યાં હતાં.

- **ઇજિપ્તમાં** 3000 વર્ષ જૂની એક **મહિલાની મમી** વૈજ્ઞાનિકો માટે મોટું રહસ્ય બની રહી છે, **જેનું મોઢું આજે પણ ખુલ્લું** છે. 1935માં લક્ઝર વિસ્તારમાંથી મળી આવેલી આ મમીનું મોઢું જોઇને એવું લાગે છે કે જાણે તે ચીસો પાડી રહી હોય, તેથી તેને **'સ્ક્રીમિંગ વુમન મમી'** કહેવામાં આવે છે. તાજેતરના સીટી સ્કેન રિસર્ચ મુજબ, આ મહિલાનું મૃત્યુ લગભગ 48 વર્ષની ઉંમરે થયું હશે. વૈજ્ઞાનિકોના મતે, આ ખુલ્લા મોઢાનું કારણ **'કેડેવરિક સ્પેઝ્મ'** નામની તબીબી સ્થિતિ હોઈ શકે છે, જેમાં અચાનક પીડાદાયક મૃત્યુ સમયે ચહેરાના સ્નાયુઓ તે જ સ્થિતિમાં અક્કડ થઈ જાય છે.

## 21 સપ્ટેમ્બર

- વૈજ્ઞાનિકોએ 100 વર્ષથી પણ વધુ સમય બાદ બિલાડીની એક તદ્દન નવી પ્રજાતિ શોધી કાઢી છે. જે દેખાવમાં હિંસક દીપડા જેવી લાગે છે પરંતુ તેનું વજન સામાન્ય પાલતુ બિલાડી કરતાં પણ ઓછું છે. દક્ષિણ અમેરિકાના દેશ બોલિવિયાના કૂચના જંગલો (યુન્ગાસ ફોરેસ્ટ)માંથી મળી આવેલી આ પ્રજાતિને વૈજ્ઞાનિકોએ **'લિયોપાર્ડસ તિલકાયો'** નામ આપ્યું છે. માથાથી પૂંછડી સુધી માત્ર 18 ઇંચ લાંબી આ બિલાડીના શરીર પર દીપડા જેવા મોટા ડાઘ છે, ગોળ કાન છે અને લાંબી મૂછો છે. વર્ષ 2017માં એક સ્થાનિક વ્યક્તિને આ બિલાડીનું બચ્ચું મળ્યું હતું, જેને તેમણે સામાન્ય બિલાડી સમજીને પાળ્યું હતું અને બાદમાં એનિમલ સેન્ચ્યુરીને સોંપ્યું હતું. વિજ્ઞાનીઓએ જ્યારે તેના ડીએનએ અને જીનોમની તપાસ કરી ત્યારે આશ્ચર્યજનક ખુલાસો થયો કે આ કોઈ ઉપ-પ્રજાતિ નથી, પરંતુ આજથી આશરે 14 લાખ વર્ષ પહેલાં પોતાના અન્ય સંબંધીઓથી અલગ થયેલી એક સંપૂર્ણ નવી પ્રજાતિ છે.

- અમેરિકાના રાષ્ટ્રપતિ **ડોનાલ્ડ ટ્રમ્પે** ગ્રીનલેન્ડ સાથે એક મહત્ત્વપૂર્ણ સુરક્ષા કરારની જાહેરાત કરી. નોંધનીય છે કે, લગભગ 9 મહિના પહેલાં તેમણે ગ્રીનલેન્ડ પર કબજો કરવાની વાત કહી હતી. ટ્રમ્પે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે **ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ** સાથે થયેલા કરાર મુજબ અમેરિકા હવે ગ્રીનલેન્ડમાં પોતાની સૈન્ય ઉપસ્થિતિ અને તાકાત વધારી શકશે. અમેરિકી અધિકારીઓ અનુસાર, આ ડીલ હેઠળ વોશિંગ્ટનને ગ્રીનલેન્ડમાં સૈન્ય પહોંચ, નવા સૈન્ય ઠેકાણાં સ્થાપવાની અને હવાઈ ક્ષેત્રના મુક્ત ઉપયોગના સંપૂર્ણ અધિકારો પ્રાપ્ત થશે. આ કરારથી ચીન અને રશિયા જેવા ગેર-નાટો દેશોના સૈન્ય ઠેકાણાં અને તેમના સંવેદનશીલ રોકાણો પર સંપૂર્ણપણે રોક લગાવી દેવામાં આવશે. બીજી તરફ, ડેન્માર્કે આ કરાર અંગે આશ્વાસન આપતાં કહ્યું કે આ સમજૂતીથી ગ્રીનલેન્ડની સાર્વભૌમત્વ પર કોઈ જ નકારાત્મક અસર નહીં પડે. ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સને પણ પ્રતિભાવ આપતાં જણાવ્યું કે આ કરાર ગ્રીનલેન્ડના હિતોનું રક્ષણ કરે છે અને આંતરરાષ્ટ્રીય સહયોગમાં તેની ભૂમિકાને માન્યતા આપે છે. જોકે, આ ડીલ સંપૂર્ણપણે લાગુ થાય તે પહેલાં ડેન્માર્ક અને ગ્રીનલેન્ડની સંસદમાંથી મંજૂરી મેળવવી જરૂરી બનશે. ગ્રીનલેન્ડ એ વિશ્વનો સૌથી મોટો ટાપુ છે અને આર્ક્ટિકપ્રદેશમાં ઉત્તર અમેરિકા તથા યુરોપની વચ્ચે જરૂરી રણનૈતિક સ્થિતિ ધરાવે છે. ગ્રીનલેન્ડમાં રેર અર્થ મિનરલ્સ અને યુરેનિયમ જેવાં અમૂલ્ય સંસાધનો વિપુલ પ્રમાણમાં રહેલાં છે. આર્ક્ટિક પ્રદેશમાં તેલ અને ગેસના ભંડારને મેળવવા માટે રશિયા અને ચીન પણ સતત સક્રિય છે. અમેરિકાની નજર પણ અહીંના તેલ અને ગેસના ભંડાર પર મંડાયેલી છે.

- ભારત-જાપાનના **'વીર ગાર્ડિયન-2026'** યુદ્ધાભ્યાસમાં પહેલી વાર જાપાનના એફ-2એ ફાઇટર જેટે ભારતની ધરતી પરથી ઉડાન ભરી. આ અભ્યાસમાં તેજસ, સુખોઇ, રાફેલ અને જાપાનના એફ-2એ જેટ સામેલ છે. રવિવારે જાપાની વાયુસેનાના પ્રમુખ જનરલ તાકેહિરો મોરિતાએ પાઇલટ સાથે તેજસ ઉડાવ્યું, જ્યારે ભારતીય વાયુસેનાના પ્રમુખ એર ચીફ માર્શલ એપી સિંહે સુખોઇ-30માં સોલો ઉડાન ભરી.

- **ઈટાલીની** શાળાઓમાં બુરખા પર પ્રતિબંધ મૂકાશે. આગામી વર્ષે યોજાનારી ચૂંટણીઓ પહેલાં ઇટાલીનાં વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ આ મોટી જાહેરાત કરી છે. આ નવા નિયમ અંતર્ગત દરેક વર્ગખંડમાં વિદેશી વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા કાયદાકીય રીતે મર્યાદિત કરવા માટે ટૂંક સમયમાં કેબિનેટમાં દરખાસ્ત રજૂ કરાશે. ઉપરાંત વિદેશી વિદ્યાર્થીના માતા-પિતા માટે ઇટાલિયન ભાષા શીખવી ફરજિયાત કરાઇ છે.

- ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) હેઠળના નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (NSO) દ્વારા દેશના ઇતિહાસમાં સૌપ્રથમ વખત જાહેર કરવામાં આવેલા જિલ્લા-સ્તરીય શ્રમબજાર અહેવાલ (Labour Market Snapshot of Selected Districts)માં **સુરતે** સમગ્ર દેશમાં ડંકો વગાડ્યો છે. દેશના 100 સૌથી વધુ વસ્તી ધરાવતા ઔદ્યોગિક અને મહાનગરીય જિલ્લાઓમાં **સુરત 68.6 ટકાના** લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (LFPR) સાથે સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે નોંધાયું છે. આ સર્વે સાબિત કરે છે કે સુરતમાં કામ કરવાની ઉંમર ધરાવતી વસ્તીમાંથી કામ કરવાની ઇચ્છા રાખતા કે કામ કરતા નાગરિકોનું પ્રમાણ દેશમાં સર્વોચ્ચ છે.

- ByteDanceના સ્થાપક અને TikTokના સહ-નિર્માતા **ઝાંગ યિમિંગ** એશિયાના સૌથી અમીર વ્યક્તિ બન્યા. બ્લૂમબર્ગ બિલિયોનર્સ ઇન્ડેક્સ મુજબ સપ્ટેમ્બર 2026માં તેમની સંપત્તિ $ 105 બિલિયનથી વધુ થઈ છે, જેના કારણે તેમણે ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીને પાછળ છોડી દીધા છે. ByteDanceની ખાનગી કંપની તરીકેની વધેલી વેલ્યુએશન અને ખાસ કરીને Artificial Intelligence (AI) ક્ષેત્રમાં કંપનીના વિસ્તરણનો તેમની સંપત્તિમાં વધારામાં મહત્ત્વનો ફાળો ગણવામાં આવે છે. ByteDanceનાં AI ઉત્પાદનોમાં Doubao chatbot અને Seedance વીડિયો-જનરેશન મોડલનો સમાવેશ થાય છે.

## 22 સપ્ટેમ્બર

- લદ્દાખના **લેહમાં** 10,600 ફૂટની ઊંચાઇએ વિશ્વના સૌથી ઊંચા અને ભારતના સૌથી મોટા **ટ્વિન ફ્લાવર ફિલ્ડ્સનું** ઉદઘાટન કરવામાં આવ્યું. લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર **વિનય કુમાર સક્સેનાએ** યોગલમસર અને સ્ટકના ખાતે આ ફ્લાવર ફિલ્ડ્સનું ઉદઘાટન કર્યું. બંને સ્થળો મળીને આશરે 40 એકર વિસ્તારમાં ફેલાયેલાં છે અને અહીં 25 લાખથી વધુ ફૂલો વાવવામાં આવ્યાં છે. તેમાં આશરે 24 લાખ લિલિયમ અને 1 લાખ ગ્લેડિયોલસનો સમાવેશ થાય છે. યોગલમસર ફ્લાવર ફિલ્ડ માત્ર બે મહિનામાં વિકસાવવામાં આવ્યું છે. આ પહેલનો હેતુ લદ્દાખમાં ફ્લોરીકલ્ચરને પ્રોત્સાહન આપી ખેડૂતો અને યુવાનો માટે રોજગાર તથા ઉદ્યોગની તકો ઊભી કરવાનો છે.

- **તમિલનાડુ** સરકાર **'થાઈમામન થંગા મોધિરમ' યોજના** શરૂ કરશે. આ યોજના અંતર્ગત રાજ્યની સરકારી હોસ્પિટલોમાં જન્મતા દરેક પાત્ર નવજાત શિશુને **એક ગ્રામની સોનાની વીંટી** આપવામાં આવશે. 22 જૂન, 2026 કે ત્યારબાદ જન્મેલાં બાળકો પણ તેનો લાભ મેળવી શકશે. લાભ માટે માતા પાસે PICME અને RCH ઓળખ હોવાં જરૂરી છે. સરકારે પ્રથમ તબક્કામાં 1.28 લાખ સોનાની વીંટીઓ તૈયાર કરી છે. વિશિષ્ટ

સિરિયલ નંબર ધરાવતી આ વીંટીઓ આપવાનો હેતુ સરકારી હોસ્પિટલોમાં પ્રસૂતિને પ્રોત્સાહન આપવાનો અને માતા-શિશુ આરોગ્યને મજબૂત કરવાનો છે. ખાનગી હોસ્પિટલમાં જન્મેલાં બાળકો પાત્ર નથી.

- **કર્ણાટક** સરકારે **તુલુ ભાષાને** રાજ્યની બીજી વધારાની વહીવટી ભાષાનો દરજ્જો આપ્યો. આ નિર્ણયનો અમલ માત્ર **દક્ષિણ કન્નડ અને ઉડુપી જિલ્લાઓમાં** થશે. મુખ્યમંત્રી ડી. કે. શિવકુમારની અધ્યક્ષતામાં મેંગલુરુમાં યોજાયેલી વિશેષ બેઠકમાં લાંબા સમયથી પડતર આ માગણીને મંજૂરી આપવામાં આવી. તુલુ મુખ્યત્વે કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં બોલાતી દ્રવિડ ભાષા છે. આ માન્યતાથી સરકારી વહીવટમાં તુલુના ઉપયોગ તથા ભાષાના સંરક્ષણ અને પ્રોત્સાહનને વેગ મળશે. તુલુ ભાષાનો મુખ્ય વિસ્તાર તુલુનાડુ તરીકે ઓળખાય છે. તે કર્ણાટક ઉપરાંત કેરળના કાસરગોડ વિસ્તારમાં પણ બોલાય છે. કર્ણાટકની મુખ્ય સત્તાવાર ભાષા **કન્નડ** છે.

- 22 સપ્ટેમ્બર વિશ્વ ગેંડા દિવસ. ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર દ્વારા IUCN રેડ લિસ્ટ 2008માં ગેંડાનો સમાવેશ કરવામાં આવ્યો છે. **દક્ષિણ આફ્રિકાએ** લુપ્ત થતા ગેંડાને બચાવવા અંગે જાગૃતિ ફેલાવવા માટે વિશ્વ ગેંડા દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરી હતી. તેની મુખ્ય પાંચ પ્રજાતિઓ પૈકી ત્રણ જાત એશિયામાં અને બે આફ્રિકામાં જોવા મળે છે. **દક્ષિણ આફ્રિકામાં** ગેંડાઓની સૌથી વધુ સંખ્યા છે, જેનો અંદાજ 15,000 થી વધુ છે.

- ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ (IGNCA), નવી દિલ્હી દ્વારા ત્રણ દિવસીય **'નદી ઉત્સવ'** (Nadi Utsav)ની 7મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું. આ વર્ષનો તહેવાર મુખ્યત્વે યમુના નદી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ વર્ષની થીમ "The Eternal Yamuna: Chronicles of Conflict, Biotic Healing and the Socio Cultural Hearth" (શાશ્વત યમુના: સંઘર્ષ, જૈવિક ઉપચાર અને સામાજિક-સાંસ્કૃતિક કેન્દ્રબિંદુની ગાથા) છે. આ મહોત્સવનું ઉદ્ઘાટન દિલ્હીના ઉપરાજ્યપાલ તરણજિત સિંહ સંધૂ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતીય સંસ્કૃતિમાં નદીઓ સાથેના પરંપરાગત સંબંધો, તહેવારો અને રીત-રિવાજોને ઉજાગર કરવા તેમજ નદીઓના સંરક્ષણ અંગે જાગરૂકતા લાવવાનો છે.

## 23 સપ્ટેમ્બર

- 1960ના દાયકાના નાગાલેન્ડ પર આધારિત ફિલ્મ **ANGH**એ ટોરોન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ 2026માં પ્લેટફોર્મ એવોર્ડ જીત્યો. ફિલ્મના ડાયરેક્ટર **થેજા રિયો** છે. આ એવોર્ડ મળ્યા પછી 2027ના ઓસ્કારમાં ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરી માટે ફિલ્મ સીધી ક્વોલિફાઇ થઈ ગઈ છે. ફિલ્મમાં **કોન્યાક** આદિજાતિના વૃદ્ધ મુખી અને તેમના પુત્રની કહાની છે.

- WHOના પેશન્ટ સેફ્ટી ડેટાબેઝમાં ડેટા શેરિંગના મામલે ભારત વિશ્વમાં **8મા** સ્થાને પહોંચી ગયું છે. 2009થી 2014ની વચ્ચે, ભારત 123મા ક્રમે હતું. નેશનલ ફોર્મ્યુલરી ઓફ ઇન્ડિયાની 7મી ડિજિટલ એડિશન અને ADR-PvPI 2.0 એપ પણ લોન્ચ કરી.

- **ગેટ્સ ફાઉન્ડેશને** ઓછી બોલાતી ભાષાઓમાં AI ઉપલબ્ધ કરાવવા માટે 60 સંગઠનોનું વૈશ્વિક ગઠબંધન બનાવ્યું છે. ન્યૂયોર્કમાં શરૂ કરાયેલા આ ગઠબંધનમાં Google, Anthropic, OpenAI ફાઉન્ડેશન સામેલ છે. 5 વર્ષમાં 3 અબજ લોકો સુધી AI પહોંચાડવાનું ધ્યેય છે, જેથી સ્થાનિક ભાષામાં આરોગ્ય, શિક્ષણ અને કૃષિ અંગે માહિતી મળી શકે.

- સંરક્ષણ મંત્રાલયે **T-72 અને T-90** ટેન્ક માટે ઓક્ઝિલરી પાવર યુનિટ્સ ખરીદવા રૂ.586 કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા. આ કરાર નવી દિલ્હીમાં એક્યુરેટ ઇન્ડસ્ટ્રિયલ કંટ્રોલ્સ પ્રાઇવેટ લિ. સાથે કરાયો.

- NHAIએ એક્સેસ-કંટ્રોલ્ડ હાઇ-સ્પીડ હાઇવે માટે નવી ગાઇડલાઇન જાહેર કરી. આ નિયમો આગામી તમામ 4 અને 6-લેન ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ કોરિડોર પર લાગુ થશે. તેનો ઉદ્દેશ હાઇવે ડિઝાઇન અને સલામતી ધોરણોને સમાન બનાવવાનો છે. પ્રાણીઓ અને અનધિકૃત વ્યક્તિઓનો પ્રવેશ રોકવા કિનારી પર 1 મીટર ઊંચી બાઉન્ડ્રી વોલ બનાવાશે.

- કચ્છની દરિયાઇ સરહદ સામે પાકિસ્તાને તેની મોટી દ્વિવાર્ષિક નૌકાકવાયત **સી સ્પાર્ક-2026ને** સિર ક્રીક વિસ્તાર સુધી લઇ જવાનું સામે આવ્યું છે. પાકિસ્તાન નૌકાદળના જનસંપર્ક વિભાગ દ્વારા જાહેર કરાયેલા વીડિયોમાં નૌકાદળના વડા એડમિરલ નવીદ અશરફ ક્રીક વિસ્તારમાં તૈનાત દળોની મુલાકાત લેતા જોવા મળે છે. SEASPARK-2026 પાકિસ્તાન નૌકાદળની દ્વિવાર્ષિક મોટી દરિયાઇ કવાયત છે. આ કવાયતના સિર ક્રીક એંગલમાં સૌથી મહત્વનું દૃશ્ય છે - નેવલ ચીફની મુલાકાતના સ્થળે દિવાલ પર લખાયેલું 'Defenders of Sir Creek'.

- 23 સપ્ટેમ્બર આયુર્વેદ/ધન્વંતરી દિવસ. **ભગવાન ધન્વંતરીનો** જન્મ દિવસ દર વર્ષે આયુર્વેદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ધન્વંતરીને આયુર્વેદના પિતા તરીકે ઓળખવામાં આવે છે. 23 માર્ચ, 2025 સુધી આ દિવસ ધનતેરસના દિવસે ઉજવવામાં આવતો હતો, પરંતુ ચોક્કસ તારીખ ન આવતી હોવાને કારણે સરકારે ગેઝેટ પ્રસિદ્ધ કરી આ દિવસ 23 સપ્ટેમ્બરે ઉજવવાની જાહેરાત કરી હતી. 23 સપ્ટેમ્બર **શરદ વિષુવ** તરીકે જોવાય છે. આ દિવસે દિવસ અને રાત બંને સમાન હોય છે.

## 24 સપ્ટેમ્બર

- **બંગાળની ખાડીમાં** ચક્રવાત **'અર્નબ'** સર્જાયું. આ વાવાઝોડું આંધ્રપ્રદેશના કલિંગપટ્ટનમથી આશરે 70 કિમી દૂર સમુદ્રમાં સ્થિર થયું હતું.

- બોત્સ્વાનાથી લાવવામાં આવેલી 3 વર્ષની માદા ચિત્તા CCB-2ને મધ્ય પ્રદેશના ગાંધી સાગર વન્યજીવ અભયારણ્યમાં મુક્ત કરવામાં આવી. 'રાધા અષ્ટમી'ના દિવસે મુક્ત કરવામાં આવતાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે આ ચિત્તાનું નામ બદલીને 'રાધા' રાખ્યું છે. ગાંધી સાગર અભયારણ્ય કુનો નેશનલ પાર્ક પાછી ભારતમાં ચિત્તાનું બીજું નિવાસસ્થાન છે.

- આંધ્ર પ્રદેશના પશ્ચિમ ગોદાવરી જિલ્લાની એન્જિનિયરિંગ કોલેજની વિદ્યાર્થીની **લિંગમપલ્લી હિમાજાએ** દ્રષ્ટિહીન લોકો માટે અવાજથી ચાલતું **બ્રેઇલ પ્રિન્ટર 'રુદ્ર' (Rudra)** વિકસાવ્યું છે. આ નવીન શોધથી દ્રષ્ટિહીન લોકો માટે બ્રેઇલ લિપિનું વાંચન અને લેખન ખૂબ જ સરળ બની જશે. પરંપરાગત બ્રેઇલ સિસ્ટમ્સથી વિપરીત જ્યાં પેટર્ન યાદ રાખવી પડે છે, 'રુદ્ર' પ્રિન્ટર ઉપસેલા અક્ષરો ઉત્પન્ન કરે છે જેને સ્પર્શ દ્વારા સીધા જ ઓળખી શકાય છે. આ નવીન શોધ માટે હિમાજાને ભારતમાં **'જેમ્સ ડાયસન એવોર્ડ'** અને ₹6 લાખનું રોકડ ઇનામ મળ્યું છે, જે અંતર્ગત તે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

- મધ્ય પ્રદેશના **ગ્વાલિયર** ખાતે એશિયાનો પ્રથમ **ટેલિકોમ મેન્યુફેક્ચરિંગ ઝોન (TMZ)** સ્થાપિત કરવામાં આવશે, જેમાં અંદાજે ₹5,500 કરોડનું રોકાણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ મધ્યપ્રદેશના ગ્વાલિયર ખાતે

'શ્રીમંત માધવરાવ સિંધિયા કાઉન્ટર મેગ્નેટ સિટી (SADA)' અને IT પાર્ક વિસ્તારમાં 170 એકર જમીન પર શરૂ કરવામાં આવશે.

- ઝિમ્બાબ્વે ક્રિકેટના વડા **ટાવાંગ્યા મુકુહલાનીને** ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)ના નવા ડેપ્યુટી ચેરમેન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. આ સિદ્ધિ મેળવનાર ઝિમ્બાબ્વેના પ્રથમ ક્રિકેટ પ્રશાસક બન્યા છે. મુકુહલાનીએ સિંગાપોરના ઈમરાન ખ્વાજાનું સ્થાન લીધું છે.

- વર્લ્ડ મેરીટાઈમ દિવસ - સપ્ટેમ્બરનો અંતિમ ગુરુવાર. દરિયાઈ સુરક્ષા, શિપિંગ ઉધોગનું મહત્વ અને દરિયાઈ પર્યાવરણના રક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે આ દિવસ મનાવાય છે.

- ભારતે **2030** સુધીમાં **હેપેટાઇટીસ B અને Cને** સંપૂર્ણ નાબુદી કરવાનો લક્ષ્યાંક આપ્યો છે. આ લક્ષ્યાંક સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG Target 3.3) અને નેશનલ વાયરલ હેપેટાઇટિસ કન્ટ્રોલ પ્રોગ્રામ (NVHCP) સાથે સંકળાયેલો છે. હાલમાં હેપેટાઇટીસ Bની રસી ઉપલબ્ધ છે જે જન્મના 24 કલાકમાં આપવામાં આવે છે. જયારે હેપેટાઇટીસ C દવાઓથી સંપૂર્ણ સાધ્ય છે.

- ટેલિકોમ મંત્રાલયના નવા નિયમ મુજબ ફેક આઇડીથી SIM કાર્ડ મેળવવા, પોતાના નામે લીધેલું SIM અન્યને વાપરવા આપવા અને IMEI નંબર સાથે ચેડા કરવા પર 3 વર્ષની જેલ અને 50 લાખ સુધીના દંડની જોગવાઈ કરી.

## 25 સપ્ટેમ્બર

- G4 દેશોએ યુનાઇટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલમાં તાત્કાલિક મોટા સુધારા કરવાની માગ કરી છે. ન્યૂયોર્કમાં UN જનરલ એસેમ્બલીની બેઠક દરમિયાન ભારત, બ્રાઝિલ, જર્મની અને જાપાનના વિદેશ મંત્રીઓ વચ્ચે વાતચીત થઈ. G4એ માગ કરી કે કાઉન્સિલમાં કાયમી અને અસ્થાયી બેઠકો વધારવામાં આવે. તેમાં આફ્રિકા, એશિયા પેસિફિક અને લેટિન અમેરિકાને પણ સમાન સ્થાન મળવું જોઈએ.

- બ્રિટને અંતરિક્ષમાં પોતાના સેટેલાઇટ્સની સુરક્ષા માટે એક નવી મિલિટરી સ્પેસ યુનિટ બનાવી છે. આ નવી યુનિટનું નામ **'નંબર III સ્પેસ ઈફેક્ટ્સ સ્ક્વોડ્રન'** રાખવામાં આવ્યું છે. આ બ્રિટનની પ્રથમ એવી સ્પેશિયલ વિંગ છે, જે દુશ્મનના હુમલાથી પોતાના ઉપગ્રહોની રક્ષા કરશે.

- રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કાર્યાલયના અહેવાલ 'ઘરેલુ પ્રવાસન ખર્ચ સર્વેક્ષણ (2025-26)' મુજબ, ભારતમાં નાઇટ સ્ટે કરનારી યાત્રાઓમાં 48%હિસ્સો ધાર્મિક યાત્રાઓ અને તીર્થયાત્રાનો રહ્યો. જ્યારે 30% સારવાર માટે કરવામાં આવી. બિઝનેસ ટ્રિપ્સ પર લોકોએ સૌથી વધુ સરેરાશ 5,949 રૂપિયા ખર્ચ્યા.

- ઉત્તર કોરિયાએ વોનસાન શહેરના કિનારેથી સમુદ્ર તરફ બે ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઇલોનું પરીક્ષણ કર્યું છે. આ મિસાઇલોએ 450 કિલોમીટર અને 600 કિલોમીટરનું અંતર કાપ્યું. ઉત્તર કોરિયાએ અમેરિકા, દક્ષિણ કોરિયા અને સહયોગી દેશોની સંયુક્ત નૌસૈનિક કવાયતના વિરોધમાં આ પગલું ભર્યું છે.

- કેન્દ્રીય નાણા મંત્રાલયે ગુજરાતના મોઢેરા **સૂર્યમંદિરનાં** 1,000 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ₹100નો સ્મારક સિક્કો બહાર પાડવા જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. કોઈનેજ એક્ટ, 2011 અંતર્ગત જાહેર થયેલા આ સિક્કાની આગળની બાજુએ અશોકસ્તંભનું સિંહશીર્ષ, 'સત્યમેવ જયતે', 'भारत', 'INDIA' અને ₹100નું મૂલ્ય દર્શાવાશે.

પાછળની બાજુએ મોઢેરા સૂર્યમંદિરની છબી, '1026–2026' અને '1000 YEARS OF MODHERA SUN TEMPLE, GUJARAT' લખાણ રહેશે. સૂર્યદેવને સમર્પિત આ મંદિર સોલંકી કાળની વિશેષ સ્થાપત્ય કલા અને સૂર્ય કુંડ માટે પ્રસિદ્ધ છે. તેનું નિર્માણ સોલંકી શાસક **ભીમદેવ પ્રથમના** શાસનકાળમાં ઈ.સ. 1026–27ની આસપાસ થયું હતું.

- ચૂંટણી પંચે તૃણમૂલ કોંગ્રેસના આંતરિક વિવાદને કારણે પક્ષનું મૂળ નામ અને **'ફૂલ અને ઘાસ'** ચૂંટણીચિહ્ન વચગાળાના ધોરણે સ્થગિત કર્યું. મમતા બેનર્જીના જૂથને **'મમતા ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ'** નામ અને **'ફૂટબોલ ખેલાડી'** ચિહ્ન ફાળવાયું છે. અરૂપ રૉયના નેતૃત્વવાળા બળવાખોર જૂથને **'ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ'** નામ અને **'એન્વેલપ'** ચિહ્ન મળ્યું. બંને જૂથોને પશ્ચિમ બંગાળ, મેઘાલય અને ત્રિપુરામાં માન્ય પક્ષ ગણવામાં આવશે. આ વ્યવસ્થા આગામી નંદીગ્રામ, રેજીનગર અને નાગાંવ પેટાચૂંટણીઓ માટે કરવામાં આવી છે. મૂળ પક્ષના નામ અને ચિહ્ન અંગે ચૂંટણી પંચનો અંતિમ નિર્ણય હજુ બાકી છે.

- ભારતીય મહિલા હૉકી ટીમની ગોલકીપર **સવિતા પુનિયાએ** 321મી આંતરરાષ્ટ્રીય મેચ રમી નવો રેકોર્ડ રચ્યો છે. જાપાનમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ઇન્ડોનેશિયા સામેની પૂલ-B મેચ દરમિયાન તેમણે પૂર્વ ફોરવર્ડ વંદના કટારિયાના 320 મેચના રેકોર્ડને પાછળ છોડ્યો. શાનદાર ગોલકીપિંગને કારણે સવિતા **'ધ વૉલ ઑફ ઇન્ડિયા'** તરીકે ઓળખાય છે. તેમની સિદ્ધિના સન્માનમાં હૉકી ઇન્ડિયાએ ₹10 લાખના પુરસ્કારની જાહેરાત કરી. વર્ષ 2009થી ભારતીય ટીમનું પ્રતિનિધિત્વ કરતી સવિતાએ આ ઉપલબ્ધિનો શ્રેય પોતાના સાથી ખેલાડીઓ, કોચ અને સહાયક સ્ટાફને આપ્યો.

- 25 સપ્ટેમ્બર - અંત્યોદય દિવસ. ભારતીય નેતા **પંડિત દિનદયાલ ઉપાધ્યાયની** જન્મ તિથિને આ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.




## 26 સપ્ટેમ્બર

- અમેરિકાની કૉફી કંપની સ્ટારબક્સ **ચેન્નઈમાં** ભારતનું પ્રથમ ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC) સ્થાપશે. આ માટે કંપનીએ તમિલનાડુ સરકારની રોકાણ પ્રોત્સાહન એજન્સી ગાઇડન્સ તમિલનાડુ સાથે કરાર કર્યો. આ કેન્દ્ર ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ સાથેના Starbucksના ભારતીય રિટેલ સંયુક્ત સાહસથી સ્વતંત્ર રહેશે. ચેન્નાઈ સ્થિત GCC Starbucksની વૈશ્વિક ટેક્નોલોજી અને બિઝનેસ કામગીરીને સહયોગ આપશે. સ્ટારબક્સનું મુખ્યાલય સિયાટલ, વોશિંગ્ટનમાં આવેલ છે.

- રાષ્ટ્રપતિએ બંધારણની **કલમ 263** હેઠળ આંતરરાજ્ય પરિષદ આદેશ, 1990માં સુધારો કર્યો. તે અનુસાર હવે ચાર વિશેષ પરિસ્થિતિઓમાં રાજ્યપાલ અથવા ઉપરાજ્યપાલને પરિષદની બેઠકમાં આમંત્રિત કરાશે. રાજ્યમાં કલમ 356, દિલ્હીમાં કલમ 239 AB, પુડુચેરીમાં ગવર્નમેન્ટ ઓફ યુનિયન ટેરીટરીઝ એક્ટ-1963ની કલમ 51 અને જમ્મુ-કાશ્મીરમાં J&K રીઓર્ગેનાઈઝેશન એક્ટ, 2019ની કલમ 73 અમલમાં હોય ત્યારે સંબંધિત રાજ્યપાલ અથવા ઉપરાજ્યપાલ બેઠકમાં ભાગ લેશે. આંતરરાજ્ય પરિષદની સ્થાપના મે, 1990માં કેન્દ્ર-રાજ્ય તથા આંતરરાજ્ય પ્રશ્નોની ચર્ચા માટે કરવામાં આવી હતી.

- **પુણે** શહેર 2032માં UCI સાયકલિંગ રોડ વર્લ્ડ ચેમ્પિયનશિપ (UCI Cycling Road World Championships)ની યજમાની કરશે. આ પહેલાં જાન્યુઆરી 2026માં પુણે 'બજાજ પુણે ગ્રાન્ડ ટૂર'નું આયોજન કરી ચૂક્યું છે. ભારત પ્રથમ વખત આ આંતરરાષ્ટ્રીય રોડ સાયકલિંગ ચેમ્પિયનશિપનું આયોજન કરશે, જેનું સંચાલન યુનિયન સાયકલિસ્ટ ઈન્ટરનેશનલ (UCI) દ્વારા કરવામાં આવે છે. સામાન્ય રીતે આ સ્પર્ધા સપ્ટેમ્બર મહિનામાં યોજાય છે, પરંતુ પુણેના સ્થાનિક વાતાવરણ અને આબોહવાને ધ્યાનમાં રાખીને 2032ની ચેમ્પિયનશિપ ઓક્ટોબરના મધ્યમાં યોજાય તેવી શક્યતા છે.

- મિઝોરમના લોંગતલાઈ જિલ્લાના સંગાઉ ગામનાં 35 વર્ષીય મહિલા ખેડૂત **ZT લાલરિથંગી (પી મારી-ઈ)**ને સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) દ્વારા '100 વુમન હીરોઝ ઈન એગ્રીફૂડ સિસ્ટમ્સ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ' એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યાં. આ આંતરરાષ્ટ્રીય સન્માન મેળવનાર તેઓ મિઝોરમના પ્રથમ વ્યક્તિ છે.

- મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડે હરિયાણાના **માણેસર (Manesar)** સ્થિત તેના પ્લાન્ટ ખાતે પ્રથમ 300 KW ક્ષમતા ધરાવતો ગ્રીન હાઈડ્રોજન ($GH_2$) ઈલેક્ટ્રોલાઈઝર પાઈલટ પ્લાન્ટ કાર્યરત કર્યો છે. ગ્રીન હાઈડ્રોજનને નેચરલ ગેસ સાથે મિશ્રિત કરીને પ્રોસેસ ફ્યુઅલ તરીકે વાપરવામાં આવશે.

- ઈન્ડિયા ટીવીના ચેરમેન અને એડિટર-ઈન-ચીફ **રજત શર્માને** વર્ષ 2026-27 માટે ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એન્ડ ડિજિટલ એસોસિએશન (NBDA)ના પ્રમુખ તરીકે સર્વાનુમતે પુનઃ ચૂંટવામાં આવ્યા છે. MM TVના **જયંત મામેન મેથ્યુનો** નવા ડિરેક્ટર તરીકે સમાવેશ થયો છે. ટાઈમ્સ ગ્રૂપના **રચના બર્મન** અને નેટવર્ક 18ના **ક્ષિપ્રા જટાનાની** કાયમી ડિરેક્ટર તરીકે નિયુક્તિ. હાલમાં NBDAમાં 29 મુખ્ય ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ સામેલ છે, જે 130થી વધુ ન્યૂઝ ચેનલો અને ડિજિટલ પ્લેટફોર્મ્સનું પ્રતિનિધિત્વ કરે છે.

Crack GPSC | સ્પર્ધાત્મક પરીક્ષાઓની સંપૂર્ણ તૈયારી
76000 51070

## 27 સપ્ટેમ્બર

- મનદીપ કે. ભંડારી કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ)ના નવા ચેરપર્સન તરીકે નિયુક્ત. આ પહેલાં તેઓ જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલના મુખ્ય સચિવ હતા. તેમણે લોખંડે પ્રશાંત સીતારામનું સ્થાન લીધું છે, જેઓ આ પદનો વધારાનો હવાલો સંભાળી રહ્યા હતા.

- સરકારે ઓડિશાના **પારાદીપ પોર્ટને** મેગા પોર્ટનો દરજ્જો આપ્યો. આ નિર્ણય ભારતીય બંદર અધિનિયમ, 2025ની કલમ 73 હેઠળ લેવામાં આવ્યો છે. આ સાથે દેશમાં મેગા પોર્ટની યાદીમાં દીનદયાલ (કંડલા), જવાહરલાલ નહેરુ પોર્ટ (ન્હાવા શેવા) અને મુંદ્રા પોર્ટનો સમાવેશ થાય છે.

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ટ્રાવેલ એન્ડ ટૂરિઝ્મ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-2026માં ભારત 9 સ્થાન ઉપર ચઢીને **31મા** સ્થાને પહોંચ્યું છે. આ સૂચકાંકમાં 110 અર્થવ્યવસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. **જાપાન** પ્રથમ, અમેરિકા બીજા, સ્પેન ત્રીજા, ઓસ્ટ્રેલિયા ચોથા અને ફ્રાન્સ પાંચમા સ્થાને છે.

- ભારત અને લાઇબેરિયાએ સંયુક્ત રાષ્ટ્રમાં 'ગ્રુપ ઓફ ફ્રેન્ડ્સ ઓન સેફ્ટી એન્ડ સિક્યોરિટી ઓફ શિપિંગ એન્ડ સીફેરર્સ' શરૂ કર્યું છે. વિદેશમંત્રી **એસ. જયશંકર** અને લાઇબેરિયાના વિદેશમંત્રી **સારા બેસલો ન્યાતીએ** તેની જાહેરાત કરી હતી. બંને દેશ તેના સહ-અધ્યક્ષ રહેશે. જૂથનો હેતુ જહાજો અને નાવિકોની સુરક્ષા સાથે જોડાયેલા મુદ્દાઓ પર સહયોગ વધારવાનો છે.

- 27 સપ્ટેમ્બર - વિશ્વ પર્યટન દિવસ. થીમ **'Digital Agenda and Artificial Intelligence to Redesign Tourism'**.

- વિશ્વ નદી દિવસ - **સપ્ટેમ્બરનો ચોથો રવિવાર**. કેનેડાના નદી સંરક્ષક **માર્ક એન્જેલોની** પહેલથી UN દ્વારા 2005થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

## 28 સપ્ટેમ્બર

- વિશ્વ હડકવા દિવસ - 28 સપ્ટેમ્બર. આ દિવસ ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી અને માઈક્રોબાયોલોજિસ્ટ, **લુઈ પાશ્ચરની** પુણ્યતિથિ પણ છે, જેમણે પ્રથમ હડકવાની રસી વિકસાવી હતી. થીમ **Stronger Together**.

- ભારતીય રેલવે દ્વારા ગુજરાતના ભુજ અને બિહારના બરૌની વચ્ચે ભુજ-બરૌની અમૃત ભારત એક્સપ્રેસ (ટ્રેન નં. 19427/19428) શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ ત્રિ-સાપ્તાહિક ટ્રેન ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહાર એમ 4 રાજ્યોમાંથી પસાર થઈને 2,532 કિમીનું અંતર કાપશે.

- **આઈચી નાગોયામાં** યોજાયેલી એશિયન ગેમ્સ-2026માં ભારતીય નિશાનેબાજ **સુરુચિ સિંહ** અને **કમલજીતની** જોડીએ 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો. ભારતીય જોડીએ ફાઇનલમાં 484.6 અંક મેળવી નવો એશિયન રેકોર્ડ બનાવ્યો. આ પહેલાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે દેશ માટે પ્રથમ ગોલ્ડ જીત્યો હતો.

- એશિયન ગેમ્સ 2026માં 20 વર્ષીય સાવન બારવાલે પુરુષોની મેરેથોન સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો. 1982 પછી એશિયન ગેમ્સમાં મેરેથોનમાં ભારતનો આ પ્રથમ મેડલ છે. આ સ્પર્ધામાં સાવન બારવોલે 2:11:36 સમય સાથે પોતાનો જ રાષ્ટ્રીય રેકોર્ડ તોડયો. સાવન એશિયન ગેમ્સના ઈતિહાસમાં મેરેથોન મેડલ જીતનાર ચોથો ભારતીય એથ્લેટ બન્યો છે.

- એશિયન ગેમ્સમાં **બારાનીકા ઈલાંગોવને** મહિલાઓની પોલ વોલ્ટ સ્પર્ધામાં 4.15 મીટરનો જમ્પ લગાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો. એશિયન ગેમ્સના ઈતિહાસમાં પુરુષ કે મહિલા કેટેગરીમાં પોલ વોલ્ટ ઈવેન્ટમાં ભારતનો આ સૌપ્રથમ મેડલ છે.

- એશિયન ગેમ્સ 2026માં 19 વર્ષીય ભારતીય સ્વિમર **ઋષભદાસે** પુરુષોની 200 મીટર બેકસ્ટ્રોક સ્પર્ધાની ફાઇનલમાં 1:58.77નો સમય નોંધાવીને નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો. ફાઇનલમાં તેઓ છઠ્ઠા સ્થાને રહ્યા.

## 29 સપ્ટેમ્બર

- સુપ્રીમ કોર્ટ કોલેજિયમે દેશની ત્રણ હાઇકોર્ટના ચીફ જસ્ટિસને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે પ્રમોટ કરવા માટે મહત્ત્વપૂર્ણ ભલામણ કરી છે. કોલેજિયમે ગુજરાત હાઇકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સુનિતા અગ્રવાલને સર્વોચ્ચ અદાલતમાં જજ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી છે. આ સાથે જ, દિલ્હી હાઇકોર્ટના ચીફ જસ્ટિસ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને તેલંગાણા હાઇકોર્ટના ચીફ જસ્ટિસ જસ્ટિસ અપરેશ કુમાર સિંહના નામોની પણ સુપ્રીમ કોર્ટના જજ તરીકે પદોન્નતિ માટે ભલામણ કરી છે.

- અમદાવાદના **સાબરમતી** રેલવે સ્ટેશનથી ભારતની પ્રથમ Liquefied Natural Gas (LNG) સંચાલિત ટ્રેનને લીલી ઝંડી બતાવવામાં આવી. આ ટ્રેન ડીઝલ અને LNG બંને વડે ચાલતી ડ્યુઅલ-ફ્યુઅલ સિસ્ટમ પર કામ કરે છે. આ ટ્રેન માટે સાબરમતી ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડેપો દ્વારા 1400 HPના બે ડ્રાઈવિંગ પાવર કારને કન્વર્ટ કરવામાં આવ્યા છે. આ ટેકનોલોજીથી ડીઝલનો વપરાશ આશરે **40%** ઘટે છે અને કાર્બન ઉત્સર્જનમાં પણ મોટો ઘટાડો થાય છે. આ ઉપરાંત એક રેક પર વાર્ષિક આશરે ₹23.9 લાખની બચત થાય છે.

- TRAI દ્વારા ગુજરાત લાઇસન્સ્ડ સર્વિસ એરિયામાં ગાંધીધામ-સાંતલપુર વચ્ચેના નેશનલ હાઇવે 27 (NH-27)ના માર્ગ પર મોબાઇલ નેટવર્કની ગુણવત્તાનું સ્વતંત્ર મૂલ્યાંકન કરવામાં આવ્યું. ગુજરાત માટે આ કવાયત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે NH-27 કચ્છ અને ઉત્તર ગુજરાતમાંથી પસાર થતો મહત્વનો લાંબા અંતરનો પરિવહન કોરિડોર છે.

## 30 સપ્ટેમ્બર

- **દીનદયાળ પોર્ટ ઓથોરિટી (DPA), કંડલા** ખાતે ભારતના પ્રથમ બંદર આધારિત ઈ-મિથેનોલ ઉત્પાદન પ્લાન્ટનો શિલાન્યાસ થયો. તેની નિર્ધારિત ઉત્પાદન ક્ષમતા 150 ટન પ્રતિ દિવસ છે. ઈ-મિથેનોલનું ઉત્પાદન રિન્યૂએબલ એનર્જી, ગ્રીન હાઇડ્રોજન અને બાયોજેનિક $CO_2$ના ઉપયોગથી કરવામાં આવશે. આ ઇંધણનો ઉપયોગ મુખ્યત્વે જહાજો માટેના સ્વચ્છ ઇંધણ તરીકે કરવાનો છે. આ પ્રોજેક્ટ દીનદયાળ પોર્ટ ઓથોરિટી (DPA) અને આસામ પેટ્રોકેમિકલ્સ લિ. (APCL) દ્વારા વિકસાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ ભારતના ગ્રીન શિપિંગના વિકાસ તરફનું મહત્ત્વપૂર્ણ પગલું છે.

- ઈરાને ચાબહાર–ઝાહેદાન રેલવે માર્ગ પર પાટા નાખવાની કામગીરી પૂર્ણ કરી. દક્ષિણ-પૂર્વ ઈરાનનો આ માર્ગ ઓમાનના અખાત પાસે આવેલા ચાબહાર બંદરને ઝાહેદાન મારફતે ઈરાનના રેલવે નેટવર્ક સાથે જોડશે. આ જોડાણથી ભારતને પાકિસ્તાનમાંથી પસાર થયા વિના અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાના દેશો સાથે માલવહન માટે અનુકૂળ માર્ગ મળી શકે છે. તેથી સમુદ્રી માર્ગે પહોંચતો માલ આગળ જમીન માર્ગે મોકલવાની વ્યવસ્થા મજબૂત થઈ શકે છે. ચાબહાર બંદર ભારત માટે પ્રાદેશિક વેપાર અને સંપર્કનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે.

- હૈદરાબાદ સ્થિત **TakeMe2Space** 2028માં ભારતનું પ્રથમ નેટવર્ક્ડ ઓર્બિટલ ડેટા સેન્ટર મિશન શરૂ કરવાની યોજના ધરાવે છે. આ મિશનમાં બે 100 kg વજનના MOI ઉપગ્રહોને SpaceXના Falcon 9 રોકેટ

દ્વારા લોન્ચ કરવામાં આવશે. દરેક ઉપગ્રહમાં દસ Nvidia Thor GPU અને 100 ટેરાબાઇટ સંગ્રહ ક્ષમતા રાખવાની યોજના છે. ઉપગ્રહો વચ્ચેના ઓપ્ટિકલ જોડાણથી તેઓ કક્ષામાં જ માહિતી અને ગણતરીનું કાર્ય વહેંચી શકશે. આ પદ્ધતિથી પૃથ્વી નિરીક્ષણ સંબંધિત ડેટાની પ્રક્રિયા અવકાશમાં જ કરીને ઉપયોગી માહિતી ઝડપથી મેળવવાનું લક્ષ્ય છે.

- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં 'પ્રહાર – નેશનલ CT પોલિસી એન્ડ સ્ટ્રેટેજી' પરિષદનું ઉદઘાટન કર્યું. તેમણે નવું Extradition પોર્ટલ લોન્ચ કર્યું, જેનો હેતુ વિદેશમાં રહેલા ફરાર ગુનેગારોને ભારતમાં પરત લાવવાની પ્રક્રિયાને વધુ સુવ્યવસ્થિત અને ઝડપી બનાવવાનો છે.

- ચીનના શાંઘાઈમાં યોજાયેલી 48મી વર્લ્ડસ્કિલ સ્પર્ધા 2026માં ભારતે 10મું સ્થાન મેળવ્યું. ભારતે 6 સિલ્વર મેડલ અને 20 મેડલ ફોર એક્સેલન્સ જીત્યા. 2024માં ભારતની 13મી રેન્ક હતી.

- ગૃહ મંત્રાલયે દેશમાંથી આતંકવાદના નિકાલ માટે 10 વર્ષની 'પ્રહાર' વ્યૂહરચનાની જાહેરાત કરી છે. તેનો હેતુ પોલીસ સ્ટેશનના સ્તર સુધી આતંકવાદ વિરોધી વ્યવસ્થાને મજબૂત કરવાનો છે. આ ઉપરાંત વિદેશોમાં છુપાયેલા ગુનેગારોને ભારત પરત લાવવા માટે એક નવું 'પ્રત્યર્પણ પોર્ટલ' પણ શરૂ કરવામાં આવ્યું છે.

- યુનેસ્કો આઈઓસી કાર્યક્રમ હેઠળ ઓડિશાનાં વધુ 74 તટીય ગામોને સુનામી રેડી જાહેર કરવામાં આવ્યાં. આ સાથે રાજ્યમાં આવાં ગામોની કુલ સંખ્યા 100 થઈ. પોતાના તટીય સમુદાયોને સુનામી જેવી આપત્તિઓનો સામનો કરવા માટે તૈયાર કરનાર **ઓડિશા ભારતનું પ્રથમ રાજ્ય** બન્યું છે.

- APEDA દ્વારા કર્ણાટકની GI-ટેગ પ્રાપ્ત **ગુલબર્ગા** તુવેર દાળની માલદીવ ખાતે નિકાસ સુવિધા પૂરી પાડવામાં આવી. 1 મૅટ્રિક ટન દાળનો પ્રથમ જથ્થો દરિયાઇ માર્ગે માલદીવ મોકલવામાં આવ્યો. ગુલબર્ગા તુવેર દાળ કર્ણાટકના **કલબુરાગી (ગુલબર્ગા)** વિસ્તાર સાથે જોડાયેલી છે. મૈસુરની m/s Silken Global Exports and Imports દ્વારા Farmer Producer Organization (FPO) મારફતે આ નિકાસ કરવામાં આવી.

- 30 સપ્ટેમ્બર - આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ. **સેન્ટ જેરોમે** આ દિવસે બાઈબલનો અનુવાદ કર્યો હતો અને તેમને **અનુવાદકોના આશ્રયદાતા સંત** તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસ વિવિધ દેશોમાં અનુવાદ કાર્યના મહત્વને દર્શાવવા માટે ઉજવવામાં આવે છે.

- કઝાકિસ્તાનના **ઓસ્કેમેન (Oskemen)** ખાતે ભારત અને કઝાકિસ્તાન વચ્ચેની સંયુક્ત સૈન્ય કવાયત "KAZIND-2026"ની 9મી આવૃત્તિ આયોજિત કરવામાં આવી. આ કવાયતનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર (UN)ના મિશન હેઠળ અર્ધ-શહેરી અને પહાડી વિસ્તારોમાં કાઉન્ટર-ટેરરિઝમ (આંતકવાદ વિરોધી) કામગીરી હાથ ધરવાની ક્ષમતા વધારવાની છે.


એક એપ, બધી પરીક્ષાઓ
કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...
સરકારી નોકરીની
તૈયારી કરો
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
UPSC - GPSC - PI - PSI - RFO
Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ
CCE | TAT | TET | HTAT
ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે
સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
ડાઉનલોડ કરો Crack GPSC એપ
અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી
અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC
વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070